# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૩૧/૮/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# સુરતના હરમીત દેસાઇને અર્જુન એવોર્ડ એનાયત થવા બદલ ચેમ્બર તરફથી શુભેચ્છા

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી કેતન દેસાઇ અખબારી યાદીમાં જણાવે છે કે, વિશ્વ કક્ષાએ ટેબલ ટેનિસની રમતમાં દેશને ગોલ્ડ મેડલ અપાવનાર સુરતના શ્રી હરમીત રાજુલ દેસાઇને ગત ગુરૂવારે નવી દિલ્હી ખાતે રાષ્ટ્રપતિ ભવનના દરબાર હોલમાં યોજાયેલા રાષ્ટ્રીય રમત પુરસ્કાર વિતરણ સમારોહમાં માનનીય રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદના હસ્તે અર્જુન એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

વિશ્વ કક્ષાએ દેશ તથા સુરતનું નામ રોશન કરવા બદલ સુરતના ગૌરવ એવા શ્રી હરમીત રાજુલ દેસાઇને ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે. ચેમ્બર દ્વારા સુરત એરપોર્ટ, રેલવે સ્ટેશન અને સરસાણા વિગેરે સ્થળોએ શ્રી હરમીત રાજુલ દેસાઇએ મેળવેલા એચીવમેન્ટ માટેના હોર્ડીગ્સ લગાવી તેમને પ્રોત્સાહિત કરવામાં આવે છે તેમજ ભવિષ્યમાં દેશને વધુ ગૌરવ અપાવવા માટે શુભેચ્છા પાઠવવામાં આવે છે. શ્રી હરમીત દેસાઇ ચેમ્બરના પેટ્રન સભ્ય હોવાથી ચેમ્બર પણ આ તકે ગૌરવની લાગણી અનુભવે છે.